ગુજરાત સરકારનું
જાહેર સાહસ

# ગુજરાત અનુસૂચિત જાતિ
# આર્થિક વિકાસ
# નિગમ લિમિટેડ
# ગાંધીનગર

વાર્ષિક અહેવાલ

૧૯૮૦-૮૧

# ગુજરાત અનુસૂચિત આર્થિક વિકાસ નિગમ લીમીટેડ,

(ગુજરાત સરકારનું ઉપક્રમ)

**સંચાલક બોર્ડ :**

| | | |
|---|---|---|
| શ્રી રેવાભાઇ એસ. પરમાર | | અધ્યક્ષ |
| શ્રી સી. આર. સમાજપતિ આઇ એ એસ | | વહીવટી સંચાલક |
| શ્રી ભાણાભાઈ કે. ભારતી, | સુરત | ડીરેકટર |
| શ્રી મોતીભાઇ એમ. ચાવડા, | અમદાવાદ | ,, |
| શ્રી પૂંજાભાઈ વી. સારીખડા, | રાજકોટ | ,, |
| શ્રી મણિલાલ આર. શ્રીમાળી, | અમદાવાદ | ,, |
| શ્રી ઈશ્વરભાઈ એમ. પરમાર, | મહેસાણા | ,, |
| શ્રી કાન્તિભાઈ એમ. મકવાણા, | એડવોકેટ, ખેડા | ,, |
| શ્રી નારણભાઇ પી. ચાંચિયા, | પોરબંદર | ,, |
| શ્રી જશવંત મકવાણા, | એડવોકેટ, વડોદરા | ,, |
| શ્રી વિઠ્ઠલભાઈ આર. ચૌહાણ, | પંચમહાલ | ,, |
| શ્રી અંબાલાલ એસ. નાડિયા, | બનાસકાંઠા | ,, |
| શ્રી હરિભાઇ આર. ડોરિયા, | સુરેન્દ્રનગર | ,, |
| શ્રી હમીરભાઇ રાજારામ, | કચ્છ | ,, |
| શ્રી એન. બી. ધ્રાંગધરિયા, નાયબ સચિવશ્રી સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | | ,, |
| શ્રી એલ. માનસિંહ, સંસ્થાકીય નાણાનાં નાણાકીય સલાહકાર નાણા વિભાગ,, સચિવાલય, ગાંધીનગર. | | ,, |
| શ્રી જી. એલ. ભગત, નિયામક, સમાજ કલ્યાણ ખાતુ, અમદાવાદ. | | ,, |
| શ્રી એમ. પી. પિન્ટો, અધિક વિકાસ કમિશ્નર, હાથશાળ કાપડ વિભાગ, નવી દિલ્હી. | | ,, |
| શ્રી જી. સુબ્બારાવ, નિયામક, ગૃહને લગતી બાબતોનું મંત્રણાલય, નવી દિલ્હી. | | ,, |

**કચેરી :**
બળવંતરાય મહેતા પંચાયત ભવન
૩ જો માળ, સેક્ટર-૧૭, [illegible]
**ગાંધીનગર : ૩૮૨ ૦૧૭.**

# ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લીમીટેડ,
## ગાંધીનગર.

મહોદય,

સંચાલક બોર્ડ આ સાથે નિગમની કામગીરીને લગતો ૩૧ મી માર્ચ ૧૯૮૧ ના રોજ પુરા થતા વર્ષ માટેનો પ્રથમ વાર્ષિક અહેવાલ, ઓડિટરનો અહેવાલ તેમજ હિસાબનું પત્રક રજૂ કરે છે.

શેર મૂડી :

| | |
|---|---|
| અધિકૃત શેર મૂડી — | રૂા ૩.૫૦ લાખ |
| ચૂકવેલી શેરમૂડી — | રૂા. ૧૨૧.૯૧ લાખ |
| શેર અરજીની રકમ — | રૂા. ૭૮.૦૯ લાખ |

ગુજરાત અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમના મંડળનો ઉદ્દેશપત્ર અને ધારાધોરણોમાં મુખ્ય સાત ઉદ્દેશો અને મુખ્ય ઉદ્દેશો હાંસલ કરવા માટેના ૩૦ પ્રાસંગિક અને આનુષંગિક ઉદ્દેશોની જોગવાઈ છે.

**મુખ્ય ૭ ઉદ્દેશો નીચે મુજબ છે.**

૧. ૧૮૬૦ના મંડળી નોંધણી અધિનિયમ હેઠળ તારીખ ૫મી મે, ૧૯૭૫ના નં. જીયુજે/૪૬૪/અમદાવાદ અન્વયે નોંધાયેલ અને તેની મધ્યસ્થ કચેરી, ગાંધીનગર ખાતે ધરાવતી મંડળી–અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમની અસકયામતો અને જવાબદારીઓ હાથ ધરવી અને સંપાદિત કરવી, અને ઉકત મંડળી દ્વારા હાથ ધરાયેલ તમામ પ્રાયોજનાઓ પ્રવૃત્તિઓ અને કરારોનો વહીવટ કરવો, અમલમાં મૂકવાં અને તે સફળ થાય તે રીતે હાથ ધરવાં.

૨. અનુસુચિત જાતિઓના લાભ અને કલ્યાણ માટે, પોતાની જાતે અથવા સરકાર, વૈધાનિક સંસ્થાઓ, કંપનીઓ, પેઢીઓ, વ્યક્તિઓના સહયોગથી અથવા એવી સંસ્થાઓ કે એજન્સીઓ મારફત, ખેતી વિકાસ, ખરીદ વેચાણ પ્રક્રિયા, ખેત પેદાશનો પુરવઠો અને સંગ્રહવ્યવસ્થા, નાના ઉદ્યોગો, મકાનોના બાંધકામ, હેરફેર અને એવા બીજા વેપાર, વ્યવસાય (જેવા કે તબીબી, ઇજનેરી, સ્થાપત્ય, વગેરે) ધંધા, અથવા પ્રવૃત્તિનું આયોજન કરવું, પ્રારંભ કરવો, સહાય કરવી, સલાહ આપવી, મદદ કરવી, નાંણાકીય સહાય કરવી, રક્ષણ કરવું. અને હાથ ધરવી.

૩. અનુસુચિત જાતિઓની આર્થિક સ્થિતિ/પદ્ધતિઓ, ઉત્પાદન, માલની બનાવટ, વ્યવસ્થા અને ખરીદ–વેચાણની ટેકનિક વિકસાવીને સુધારી શકે તે માટે બાંધકામ, વેપાર, વ્યવસાય, ધંધો કે પ્રવૃત્તિ આગળ ધપાવવા સારુ મુડી, ધિરાણ ઉપાય, સાધનો અને ટેકનિકલ તથા વ્યવસ્થાપકીય સહાય પૂરી પાડવી.

૪. ખેત-પેદાશ, માલ, માલસામાન, ચીજવસ્તુ અને વર્ણન કરેલ દરેક સાધનસામગ્રી તૈયાર કરવા, ઉત્પાદિત કરવા, સંયોજિત કરવા અને મોકલવા માટે ભારત સરકાર અને ભારતીય સંઘમાં રાજ્ય સરકારો, વૈધાનિક સંસ્થાઓ, કંપનીઓ, પેઢીઓ અને વ્યકિતઓ અથવા સંસ્થાઓ સાથે કંટ્રાકટ કરવો અને તેમની પાસેથી માંગ-યાદી મેળવવી અને અનુસુચિત જાતિઓની વ્યકિતઓને પેટા-કંટ્રાકટ આપીને અથવા તેમના વતી ઓર્ડર નોંધાવીને આવા કંટ્રાકટ તથા માંગ-યાદીના પાલન માટે વ્યવસ્થા કરવી અથવા આવા કંટ્રાકટ અને માંગ–યાદીનું યોગ્ય પાલન કરવી આવી ખેત-પેદાશ, માલ, માલસામાન, ચીજવસ્તુઓ અથવા સાધનસામગ્રી અથવા તેના ભાગો, તેને લગતી સર્વિસ અથવા પ્રક્રિયા અથવા તેને માટે જરૂરી વ્યવસ્થાપકીય સેવાઓ, તૈયાર કરવા, માલ બનાવવા, સંયોજિત કરવા અને મોકલવા માટે સહાય મેળવવી, અને ખેત–પેદાશ, માલ, માલસામાન, ચીજવસ્તુઓ અને સાધનસામગ્રી તૈયાર કરાવવી, માલ બનાવડાવવો, સંયોજન કરાવવું અને પૂરાં પાડવાં.

૫. ઉપર જણાવ્યા મુજબ પેટા–કંટ્રાકટ અથવા ઓર્ડર આપવામાં આવ્યા હોય તેવી અનુસુચિત જાતિઓની વ્યકિતઓ પેટા–કંટ્રાકટ અથવા ઓર્ડર હાથ ધરી શકે તે સારું તેમને લોન આપવી, અથવા લોન આપવાની બાંયધરી આપવી અથવા ભલામણ કરવી, ઉત્પાદન, પ્લાન્ટનું બાંધકામ જમીનના સંપાદન સહિત ફેરફાર અથવા વિકાસ માટે નાણાં–વ્યવસ્થા કરવી, અથવા સાધનસામગ્રી, સવલતો, યંત્રસામગ્રી, પુરવઠો અથવા માલસામાનના સંપાદન

માટે નાણાકીય સહાય કરવી, સરકાર અથવા આ કંપની સાથેના કંટ્રાક્ટ અનુસાર ચીજવસ્તુ, સાધનસામગ્રી, પુરવઠો અથવા માલસામાન તૈયાર કરવામાં ઉપયોગમાં લેવાની કાર્યકારી મુડી આવી પેઢીઓને પૂરી પાડવી, તેમને પેટા-કંટ્રાક્ટ અને ઓર્ડર સંતોષકારક રીતે અમલમાં મૂકી હાથ ધરી શકે તથા આવા કંટ્રાક્ટ, પેટા કંટ્રાક્ટ અને ઓર્ડર ને સંપૂર્ણપણે અને વિગતો મુજબ પહોંચી વળવા ઉત્પાદન અને માલની બનાવટ તૈયાર કરી શકે તે સારુ તેમને જરુરી નાણાકીય, ટેકનિકલ, વ્યવસ્થાપકીય અને અન્ય સહાય કરવી અને જરૂરી તમામ સુચનાઓ, સહાય, તપાસ અને દેખરેખ દ્વારા સંતોષકારક ઉત્પાદન સુનિશ્ચિત કરવું.

૬. અનુસુચિત જાતિઓના સભ્યો દ્વારા હાથ ધરવાની મુડી-રોકાણ અને ઉત્પાદન પ્રવૃત્તિઓ અંગે નમુનારૂપ યોજનાઓ તૈયાર કરવી.

૭. સીધી રીતે, અથવા ખાનગી, જાહેર કે, પંચાયતો, ખેત-ઉદ્યોગ, નિગમ, સહકારી બેન્કો રાજ્ય અને કેન્દ્ર સરકારનાં ખાતાં વગેરે જેવી સહકારી ક્ષેત્રે આવી કામગીરીમાં રોકાયેલ હાલની સંસ્થાઓ સાથેના સહયોગથી બીજાઓ મારફત અનુસુચિત જાતિઓના લાભ લેવા માટે આ યોજનાઓનો અમલ કરવો.

આમ આ નિગમ સંચાલનના કંપની પ્રકાર હેઠળ અનુસુચિત જાતિઓના આર્થિક ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિઓ હાથ ધરવા સ્થાપવામાં આવ્યું હતું.

**છઠ્ઠી પંચવર્ષીય યોજનાની મુદત દરમિયાન નિગમના કાર્યક્રમો :**

જીવનના તમામ ક્ષેત્ર અનુસુચિત જાતિઓ અને ઉચ્ચ કોમો વચ્ચે દેખીતું અંતર છે. બંધારણીય સલામતીઓ હોવા છતાં, અનુસુચિત જાતિઓ હજીય આર્થિક શોષણ અને સામાજિક અસક્તતાના ભોગ બને છે. ઉત્તરોત્તર પંચવર્ષીય યોજનાઓ દ્વારા વંચિત વિભાગનો પર્યાપ્તપણે વિકાસ થઇ શક્યો નથી. અને તેમના મોટા ભાગના હજી પણ ગરીબી રેખાની નીચે જીવે છે.

આથી સમાજના દલિત વિભાગના આર્થિક કલ્યાણનો સુધારેલ ૨૦-મુદ્દાના કાર્યક્રમમાં સમાવેશ કરાયો છે. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં વિચારાયું છે કે, યોજનાની મુદત દરમિયાન આવકનું નિર્માણ કરતા સર્વગ્રાહી અને સમન્વિત કુટુંબલક્ષી કાર્યક્રમો દ્વારા રાજ્યનાં અનુસુચિત જાતિઓમાં ઓછામાં ઓછા ૫૦% કુટુંબોને ગરીબી રેખાની ઉપર લઇ જવા.

૧૯૮૧ ની વસતિ ગણતરી મુજબ, અનુસુચિત જાતિની કુલ વસતિ ૪.૮૦ લાખ કુટુંબોની બનેલી ૨૪ લાખની હોવાનો અંદાજ છે.

પંચવર્ષીય યોજનાની મુદત દરમિયાન અનુસુચિત જાતિનાં ૨.૪૦ લાખ કુટુંબો આવકનું નિર્માણ કરતા મુકરર કરાયેલાં કાર્યક્રમો દ્વારા ગરીબી રેખા વટાવી જવા શકિતમાન બનશે. તદ્નુસાર છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમિયાન રાષ્ટ્રીયકૃત બેન્કોના સહયોગથી અનુસુચિત જાતિનાં ૨.૪૦ લાખ કુટુંબોની ધિરાણ જરુરિયાતોને પહોંચી વળવાના કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે.

આ નિગમને શેરમુડી ફાળામાં રાજ્ય સરકાર અને ભારત સરકાર અનુક્રમે ૫૧:૪૯ ના ગુણોત્તરમાં સહયોગ આપે છે. ૧૯૮૦-૮૧ દરમિયાન નિગમની શેરમુડીમાં મુડી રોકાણ માટે રાજ્ય સરકારે અનુક્રમે રૂા. ૧.૦૨ કરોડ અને રૂા. ૦.૯૮ કરોડ ચુકવ્યા છે.

સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન વહીવટી ખર્ચ પેટે રાજ્ય સરકારે રૂા. ૧૨ લાખની જોગવાઈ કરી હતી, તે પૈકી રૂા. ૯.૨૫ લાખ વહીવટી ગ્રાન્ટ રૂપે અને બાકીના રૂા. ૨.૭૫ લાખની દુધના ઢોરઢા ખરીદી માટે જોગવાઈ કરી હતી.

**સીમાંત નાણા યોજનાનો અમલ :**

નિર્દિષ્ટ લક્ષ્યાંક-જુથોને રાષ્ટ્રીયકૃત બેન્કો દ્વારા ધિરાણની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા સારુ, નિગમ અપાયેલ લોનના ૨૫% સુધીની રકમ સંબંધિત બેન્કોમાં અનામત મુકે છે. લાભ મેળવનારને બેન્ક લોન મંજુર કરે પછી જ નિગમ સીમાંત નાણાંના ભાગની ચુકવણી કરે છે, મંજૂરી પત્ર મળતાં નિગમ સંબંધિત બેન્કોને અનામત રૂપે સીમાંત નાણાંનો તેનો હિસ્સો છુટો કરે છે. નાણાં ઉછીના લેનાર પાસેથી પુરેપુરી રકમ વસુલ આવ્યા બાદ નાણાકીય સંસ્થા એ સીમાંત નાણાંની અનામત પરત ચુકવવાની રહે છે.

નિગમ દ્વારા ૨૫ % સીમાંત નાણાં અનામતની મંજુરી માટે નાણાં ઉછીના લેનારાઓની આવક મર્યાદા શહેર વિસ્તારમાં વાર્ષિક રૂા. ૪,૩૦૦ અને ગ્રામ વિસ્તારમાં રૂા. ૩,૫૦૦ છે.

શિક્ષિત બેરોજગાર અરજદારો (મેટ્રિક અને તેથી ઉચ્ચ પરીક્ષા પાસ થયેલ) ના કેસમાં વાર્ષિક આવક મર્યાદા રૂપિયા ૯,૦૦૦ છે.

નિગમની ૨૫% સીમાંત નાણા અનામત માટે પાત્ર બનવા, દરેક યોજના માટે અનાવર્તક ખર્ચ સામે મંજુર કરવાની લોન મર્યાદા રૂા. ૧૨,૦૦૦ છે. ૧૯૮૦-૮૧ દરમિયાન અનુસુચિત જાતિના ૩૨૮૯ લાભ મેળવનારાઓ માટે વિવિધ રાષ્ટ્રીયકૃત બેન્કોમાં સીમાંત નાણા અનામતરૂપે રૂા. ૯.૪૦ લાખ મુકવામાં આવ્યા હતા

**સીધુ ધિરાણ :**

રાજ્ય સરકારની બાંયધરી સામે, નિગમે વિવિધ રાષ્ટ્રીયકૃત બેન્કો પાસેથી રૂા. ૧૯૬.૪૪ લાખની મોટી લોન લીધી છે. આ રકમ પૈકી, વાણિજ્યિક બેન્કોએ પર્યાપ્ત પ્રવૃત્તિઓ હાથ ધરી ન હોય, એવા વિસ્તારોમાં અને બેન્કો સહાય આપતી ન હોય ત્યાં ગરીબી રેખાથી નીચે જીવતા લાભ મેળવનારાઓને નિગમે સીધા ધિરાણની જોગવાઇ કરી છે. ૧૯૮૦-૮૧ દરમિયાન ૮૪૪૫ લાભ મેળવનારાઓ માટે રૂા. ૧૭૬.૪૭ ની જોગવાઈ કરવામાં આવી હતી.

**આર્થિક સહાયની યોજના :**

નિગમ દ્વારા આર્થિક સહાયની યોજનાનો અમલ થઇ રહયો છે. આ યોજના હેઠળ દરેક વ્યકિતને વધુમાં વધુ રૂા. ૭૫૦ ની મર્યાદા સુધી આર્થિક સહાય આપવામાં આવશે. નિગમે ૧૧૦૪૨ લાભ મેળવનારાઓને રૂા. ૭૮.૮૦ લાખ સુધીની આર્થિક-સહાય ચુકવી હતી. તદુપરાંત, સહકારી મંડળીઓના ૮૩૧ સભ્યોને રૂા ૮૩,૧૦૦ જેટલી રકમની શેર લોન મંજુર કરવામાં આવી હતી.

**સફાઈ કામદારોની વાંસ સહકારી મંડળીઓને આર્થિક સહાય :**

વળી વાંસ સહકારી મંડળીઓ માટે નિગમે આર્થિક સહાયની યોજના અમલમાં મુકી છે. આ યોજના હેઠળ નિગમ સભ્યદીઠ ૨૦૦ વાંસ સુધી વાંસ દીઠ રૂા. ૧.૨૩ ના દરે આર્થિક સહાય આપે છે. ૧૯૮૦-૮૧ દરમિયાન નિગમે આ યોજના હેઠળ ૨૭૬ લાભ મેળવનારાઓને રૂા. ૧૭,૩૩૨ ચુકવ્યા હતા.

કાર્યક્રમોના અસરકારક અમલ માટે નિગમે નીચેના પગલાં લીધા છે.

(ક) નિગમ દ્વારા જિલ્લાવાર, બેન્કવાર અને ગામવાર કામગીરીની માસિક સમીક્ષા.

(ખ) ક્ષેત્ર કક્ષાએ સમાજકલ્યાણ અધિકારી મારફત બેન્કો સાથે સંપર્ક અને સંકલન.

(ગ) પ્રગતિની સમીક્ષા કરવા, જિલ્લા કક્ષાની સલાહકાર સમિતિ અને જિલ્લા કક્ષાની સમીક્ષા સમિતિની બેઠકોમાં નિગમનો સહયોગ.

(ઘ) સમાજકલ્યાણ અધિકારી સાથે કામગીરીની સમયાંતરે સમીક્ષા

(ચ) રાષ્ટ્રીયકૃત બેન્કોના પ્રાદેશિક મેનેજરો અને શાખા મેનેજરોની સમયાંતર બેઠકો.

**વહીવટી તંત્ર :**

નિગમના વહીવટી તંત્રમાં રાજ્ય કક્ષાએ વહીવટી સંચાલક, સામાન્ય વ્યવસ્થાપક, અને કેટલાક સહાયક સ્ટાફનો સમાવેશ થાય છે.

**ઓડીટરો :**

૧૯૮૦-૮૧ ના વર્ષ માટે ભારત સરકારે કંપનીના વૈધાનિક ઓડિટરો તરીકે અમદાવાદના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મેસર્સ જી. કે. ચોકસી એન્ડ કંપનીની નિમણુક કરી છે.

**સંચાલકો : અહેવાલ હેઠળની મુદત દરમિયન નીચેના સભ્યો બોર્ડના સંચાલકો હતા.**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી નારણભાઇ રાઠોડ | અધ્યક્ષ |
| ૨. | શ્રી અવિનાશકુમાર, આઇ એ.એસ. | વહીવટી સંચાલક (૨-૨-૮૦ થી ૬-૭-૮૦ સુધી) |
| ૩. | કુ. સ્વાત્રાતા કોર શેખોન | વહીવટી સંચાલક (૬-૬-૮૦ થી ૬-૭-૮૦ સુધી) |
| ૪. | શ્રીમતી એની પ્રસાદ, આઇ.એ.એસ. | વહીવટી સંચાલક (૭-૭-૮૦ થી ૯-૧૧-૮૦ સુધી) |
| ૫. | શ્રી ટી. ડી. સોયન્તર, આઈ.એ.એસ. | વહીવટી સંચાલક (૧૦-૧૧-૮૦ થી ૩૧-૩-૮૧ સુધી) |
| ૬. | શ્રી મોતીભાઈ સનાભાઇ પરમાર માણસા, જિલ્લો મહેસાણા | સંચાલક |
| ૭. | શ્રી સીવાભાઈ બી. ચૌહાણ ગંગાકુટિર, હરિજનવાસ, ગોયા દરવાજા, વડોદરા. | સંચાલક |
| ૮. | શ્રી કાળીદાસ એચ. પારધી નવા દરવાજા, જેતપુર, રાજકોટ. | સંચાલક |
| ૯. | શ્રી નરેન્દ્રકુમાર દેવકરણ કચ્છ-ભૂજ. | સંચાલક |
| ૧૦. | શ્રી કાળીદાસ જી. જાદવ રાજપુર, અમદાવાદ. | સંચાલક |
| ૧૧. | શ્રી કાલુભાઈ વી. રાઠોડ પાટડી, સુરેન્દ્રનગર. | સંચાલક |
| ૧૨. | શ્રી એમ. ટી. જોષી, નાયબ સચિવ સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | સંચાલક |
| ૧૩. | શ્રી પી. એસ. શાહ, નાયબ સચિવ સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | સંચાલક |
| ૧૪. | શ્રી કે. કે. બક્ષી, નાયબ સચિવ સંસ્થાકીય નાણાંના નિયામક, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | સંચાલક |

૧૫. શ્રી બી. જી. પરમાર — સંચાલક
નિયામક, સમાજકલ્યાણ ખાતું, અમદાવાદ.

૧૬. કુ. એસ. શેખોન, નાયબ સચિવ — સંચાલક
સમાજકલ્યાણ ખાતું, અમદાવાદ.

૧૭. શ્રી જી. એલ. ભગત, નિયામક, — સંચાલક
સમાજકલ્યાણ ખાતું, અમદાવાદ.

૧૮. શ્રી આર. શ્રી નિવાસન — સંચાલક
વિકાસ કમિશ્નર, ઉદ્યોગ મંત્રાલય,
ભારત સરકાર, નવી દિલ્હી.

૧૯. શ્રી એન. વી. કૃષ્ણન, — સંચાલક
નાણાકીય સલાહકાર,
ગૃહ મંત્રાલય, નવી દિલ્હી.

૨૦. શ્રી આર. રામદોરાય — સંચાલક
વિકાસ કમિશ્નર (હાથશાળ)
ભારત સરકાર.

## ઋણ સ્વીકાર

આપણા સંચાલકો ગુજરાત સરકારે તથા ભારત સરકારે કંપનીને આપેલ સહકાર બદલ કદર કર્યાની નોંધ લેવડાવવા ઇચ્છે છે. આપણા સંચાલકો સંબધિત મંત્રીઓ અને રાજ્ય સરકારના, કેન્દ્ર સરકારના અધિકારીઓ તેમજ જાહેર તથા ખાનગી ઉપક્રમોના, બેન્કોના, નિગમોના અને બોર્ડોના અધિકારીનો તેમનો કીંમતી માર્ગદર્શન તેમજ કંપનીને લગતી બાબતોમાં ઉંડો રસ ધરાવવા બદલ આભાર માને છે અને સમીક્ષા હેઠળની મુદત દરમિયાન કંપનીના અધિકારીઓ તથા કર્મચારીઓએ બજાવેલ કિંમતી સેવાઓની પણ કદર કરે છે.

# ઓડીટરનો અહેવાલ

અમે ગુજરાત અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લિમિટેડનું ૩૧ મી માર્ચ, ૧૯૮૧ ના રોજ મુજબનુ સરવૈયુ અને તે તારીખે પૂરા થતા વર્ષ માટેના આ સાથે જોડેલ આવક અને ખર્ચનો હિસાબ તપાસ્યાં છે અને નીચે મુજબ જણાવીએ છીએ કે :-

૧ અમારા ઓડિટ માટે અમારી જાણકારી અને માન્યતા અનુસાર જરૂરી તમામ માહિતી અને ખુલાસા અમે મેળવ્યા હતા.

૨ અમારા મતે, હિસાબી ચોપડાની અમારી તપાસ પરથી જણાયા મુજબ, કંપનીએ કાયદેસર જરૂરી એવા યોગ્ય હિસાબી ચોપડા રાખ્યા છે.

૩ સરવૈયુ અને આવક તથા ખર્ચના હિસાબનો હિસાબી ચોપડા સાથે હિસાબમેળ મળે છે.

૪ અમારા મતે, ચોપડા રાખવાની પદ્ધતિમાં વિવિધ ક્ષતિઓ રહેલી છે અને આંતરિક નિયંત્રણ પદ્ધતિ અપૂરતી છે.

૫ વર્ષ દરમિયાન હિસાબી ચોપડાની ગણિતિક ચોકસાઈ તપાસી જોવા કાચુ સરવૈયું તૈયાર કરવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી. વાર્ષિક હિસાબો તૈયાર કરવાના હેતુસર વર્ષ પુરું થયા બાદ ઘણા વખત પછી હિસાબની સામન્ય ખાતાવહી છે તેમાં ફકત એક જ વખત સિલક કાઢવામાં આવી છે.

વર્ષ પુરું થયા પછી, કંપનીએ સામાન્ય ખાતાવહી ફરી લખવી જોઈતી હતી કારણ કે, તેમાં અસંખ્ય ભૂલો છે. જો કે, નવી સામાન્ય ખાતાવહીમાં પણ અમને સંખ્યાબંધ ભૂલો જોવા મળી છે. વળી સામાન્ય ખાતાવહીમાં આંકડા સુધાર્યાના અને અથવા ઘુંટવાના ઘણા કેસો પણ હતા. ચોપડામાં પ્રથમ નોંધ અને પ્રાથમિક નોંધ કર્યા વિના સીધી નોંધ કર્યાના કેટલાક કેસો પણ જોવા મળ્યા છે.

વર્ષની આખર મુજબની કાચા સરવૈયામાં ઉધાર બાજુનો સરવાળો જમા બાજુના સરવાળા કરતાં વધતો હોવાથી રૂા. ૪૧,૯૪૨/- નો તફાવત આવે છે.

વર્ષ દરમિયાન કંપનીનો મુખ્ય વ્યવસાય, સરકાર અને/અથવા વાણિજ્યિક બેન્કો પાસેથી જરૂરી નાણાં મેળવીને અનુસુચિત જાતિના સભ્યોને લોન અથવા આર્થિક સહાય આપવાનો રહ્યો છે.

કંપની ૫૬ થી વધુ બેન્કનાં ખાતાં મારફત લાખો રૂપિયાનો કારોબાર કરતી હોવા છતાં, કંપનીના ચોપડે આ બેન્ક ખાતાંમાં વર્ષને અંતે દર્શાવ્યા મુજબ ફકત એક જ વખત સિલક ખેંચવામાં આવી છે. વર્ષને અંતે હોય તે મુજબ બેન્ક હિસાબમેળ પત્રકો એક જ વખતે વર્ષ પુરું થયા બાદ ઘણા વખતે તૈયાર કરાયાં છે. કંપનીના ચોપડા મુજબની સિલક અને તે વખતના અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમની અસ્કયામતો અને જવાબદારીઓ તબદીલીથી પ્રાપ્ત કરેલ તારીખ પહેલાંની મુદતને લગતાં બેંકના ચોપડા મુજબની સિલક વચ્ચેના હિસાબમેળ કર્યા વિનાના તફાવતો કેટલાંક બેન્ક ખાતાંમાં મૂકી અનામત હિસાબ ખાતે તબદીલ કરવામાં આવ્યાં છે. (જુઓ અનુસુચિ 'ખ' ની નોંધ) ત્યારે વર્ષ દરમિયાન ઉભા થયેલા કેટલાક તફાવત રહે છે.

કંપનીનાં ઘણાં બેન્ક ખાતાંની કામગીરી એક જ અધિકારીની સહીથી કરવામાં આવતી. કંપનીએ કરેલી મોટા ભાગની ચુકવણીઓ એકલા નાણાં વ્યવસ્થાપકની સહીવાળા ચેકથી કરવામાં આવે છે. અમારા મતે, કરાયેલ કામગીરીનું પ્રમાણ જોતાં, તે ચુકવણીઓ પર અસરકારક નિયંત્રણ રાખી શકયા ન હોય.

કંપની પાસે, તેણે જેમને લોન આપી હોય તેવી વ્યક્તિઓનાં ૭,૫૦૦ કરતાં વધુ વ્યક્તિગત ખાતાં છે. આ ખાતાં ઘણી ખાતાવહીઓમાં રાખવામાં આવે છે, જેને માટે સામાન્ય ખાતાવહીમાં યોગ્ય નિયંત્રણ ખાતાં રાખવામાં આવે છે. પેટા-ખાતાવહી લખવાની અને સામાન્ય ખાતાંવહીમાં અનુરૂપ હિસાબની પદ્ધતિમાં ખામી જણાય છે.

પેટા વધુમાં, આખા વર્ષ દરમિયાન, પેટા-ખાતાવહીમાંથી સિલક કાઢીને સામાન્ય ખાતાવહી મુજબ અનુરૂપ સિલક સાથે મેળવવાનો કોઈ જ પ્રયત્ન કરવામાં આવ્યો નથી. વર્ષને અંતે એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને, સાથે જોડેલા પત્રકમાં આપેલી વિગતો પરથી જોઈ શકાશે તે મુજબ, સામાન્ય ખાતાવહી મુજબની સિલક અને પેટા-ખાતાવહી મુજબની સિલક વચ્ચે ઘણો મોટો તફાવત જોવા મળે છે. આ તફાવતોનો હિસાબમેળ કરવા કંપનીએ તાત્કાલિક અને જરૂરી પગલાં લેવાં જરૂરી છે.

સામાન્ય ખાતાવહી મુજબ લોનના સરવાળાના ધોરણે આ સાથેનું સરવૈયું અને આવક તથા ખર્ચના હિસાબ તૈયાર કરવામાં આવ્યો છે.

વધુમાં, વર્ષ દરમિયાન, કંપનીએ મહેસાણા જિલ્લા પંચાયતને દુષ્કાળમાં પણ લોન રુપે અનુસુચિત જાતિઓના સભ્યોને ચૂકવવા માટે રૂા. ૧૦,૦૦,૦૦૦/– ચુકવ્યા હતા. આમ છતાં, આજ સુધી, કંપનીને જેમને લોન આપવામાં આવી છે તેવી વ્યક્તિઓ અંગેની કોઈ માહિતી કે તેને લગતા કોઈ દસ્તાવેજો મળ્યા નથી. આ લોન સામે, કંપનીને વર્ષ દરમિયાન કે ત્યાર પછી પણ કોઇ પરત ચુકવણી મળી નથી. ૩૧ મી માર્ચ, ૧૯૮૧ સુધી આ રકમ પર ચડેલા વ્યાજસહિત, આ અંગે બાકી નીકળતી કુલ રકમ અને સરવૈયામાં 'હિતાધિકારીઓને લોન'ના સદર હેઠળ દર્શાવેલ રકમ સહિતની રકમ રૂા. ૧૦,૧૯,૩૯૭ હતી.

કંપનીના ચોપડે, "બીસીકે-લોન-સમાજકલ્યાણ"ના ખાતામાં ૩૧મી માર્ચ, ૧૯૮૧ના રોજ મુજબ રૂા. ૨,૦૦,૭૭૫/–ની બીજી રકમ બાકી નીકળે છે, તે અંગે જેમને લોન આપવામાં આવી છે તે વ્યક્તિગત લોન લેનારનાં નામ તથા તે અંગેના દસ્તાવેજ કંપની પાસે પ્રાપ્ય નથી. આ સંબંધી ઉધાર સિલક તે વખતના અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમના ચોપડામાંથી લેવામાં આવી છે. આ સિલકનો સરવૈયામાં 'હિતાધિકારીઓને લોન' સદર હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉપરની સ્થિતિ જોતાં, અને ફકરા ૫(૪)માં દર્શાવેલ લોન સામે વસુલાતની અસંતોષજનક સ્થિતિ ધ્યાનમાં લઈને, ચોપડે દર્શાવેલ શંકાસ્પદ લોન માટે રૂા. ૧૨,૪૯,૩૭૨/–ની જોગવાઈ વાજબી છે કેમ તે અમે કહી શકીએ તેમ નથી.

કંપનીના ચોપડા મુજબ, જુદી જુદી બેન્કોમાં મૂકેલી સીમાંત નાણાં નિયત થાપણની કુલ રકમ વર્ષને અંતે દર્શાવ્યા મુજબ રૂા. ૯,૩૯,૫૯૨/– થાય છે. જ્યારે આ રકમનો સરવૈયામાં 'અસ્કયામતો' બાજુએ 'અનુસુચિત બેન્કોમાં નિયત થાપણ ખાતામાં સિલક' તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. કંપનીએ આજદિન સુધીમાં રૂા. ૧,૮૪,૩૪૭ માટે જે તે બેન્કો પાસેથી નિયત થાપણ પહોંચો કે આ થાપણોના સમર્થમાં તેમનાં પ્રમાણપત્રો મેળવ્યાં નથી. આથી, અમે રૂા. ૧,૮૪,૩૪૭/–ની આ નિયત થાપણોની ખરાઈ કરી નથી.

હિસાબ સાથે જોડેલી અનુસુચિ 'જ'ની નોંધ ૧૦માં દર્શાવેલ રૂા. ૧૨,૦૦,૦૦૦ ની વહીવટી ગ્રાન્ટ પૈકી રૂા. ૨,૭૫,૦૦૦ અંકિત કરવા માટે કંપનીએ સરકારની ખાસ મંજુરી મેળવવાની રહે છે.

કંપનીના વ્યવસાયનો પ્રકાર અને તેની કાર્યવાહીનું પ્રમાણ જોતાં, અને ખાસ કરીને કસોટી ધોરણે હાથ ધરેલ કાનુની ઓડિટમાં રહેલી મર્યાદા ધ્યાનમાં લઇને, ઓડિટ દરમિયાન જોવા મળેલી ઘણી ભૂલો સુધારી લેવામાં આવી છે ત્યારે દરેકે દરેક ભૂલ કે બીજી અનિયમિતતાઓ યોગ્ય રીતે દર્શાવવાનું શક્ય નથી. ચોપડા ગખવાની ખામી ભરેલી પધ્ધતિને કારણે, હિસાબના ચોપડા રાખવામાં યોગ્ય અને પૂરતી દેખરેખનો અભાવ. આંતરિક નિયંત્રણ પધ્ધતિની અપર્યાપ્તતા અને તે ઉપરાંત આંતરિક ઓડિટ પધ્ધતિ કંપનીના વ્યવસાયનાં પ્રકાર અને પ્રમાણ સાથે અનુરુપ ન હોવાને કારણે, અને સામાન્ય ખાતાવહી મુજબની સિલક અને પેટા ખાતાવહી મુજબની સિલકના સરવાળા વચ્ચે મોટા તફાવત છે તે કંપનીનાં બેન્કોમાં કેટલાક ખાતાંમાં હિસાબમેળ કર્યા વિનાના તફાવતો છે તે અને વર્ષના અંતે દર્શાવ્યા મુજબ, તેની કાચા સરવૈયામાં નોંધપાત્ર તફાવત છે તે ખાસ ધ્યાનમાં લેતાં, એ સ્પષ્ટ છે કે, આ અપુર્ણતાઓ અને તફાવતોના સુચિતાર્થોનું પુરેપુરું પ્રમા  નિષ્ણાંતની ઝીણવટભરી તપાસ દ્વારા જ નક્કી કરી શકાય.

અમારા મતે અને અમારી માહિતી મુજબ અને આ ફકરામાં જણાવેલ તેમજ એના ફકરા ૫ (૧), (૩), (૪) અને (૫) માંની ખામીઓને આધીન રહીને કરેલા ખુલાસા અનુસાર, ઉપર્યુક્ત સરવૈયું અને આવક તથા ખર્ચના હિસાબ તથા તે અંગેની નોંધ ૧૯૫૬ના કંપનીઓના અધિનિયમમાં જરૂરી હોય તેવી માહિતી દર્શાવે છે, અને વર્ષને અંતે દર્શાવ્યા મુજબ કંપનીને લગતી બાબતોની સ્થિતિનો અને વર્ષના આવક કરતાં વધુ ખર્ચનો સાચો અને યોગ્ય ખ્યાલ આપે છે.

૫ ભારત સરકારે બહાર પાડેલ ૧૯૭૫ ના માલ બનાવવો અને બીજી કંપનીઓના (ઓડિટરના અહેવાલ) હુકમમાં જણાવ્યા અનુસાર અને કંપનીના ચોપડા અને રેકર્ડની યોગ્ય લેખી હોય એવી ચકાસણીના આધારે અને અમારા ઓડિટ દરમિયાન અમને પૂરી પાડેલી માહિતી અને ખુલાસાના આધારે અમે વધુમાં જણાવીએ છીએ કે અમારા મતે :

(૧) કંપનીએ તેની નિયત અસ્કયામતોના પ્રમાણ વિષયક વિગતો અને સ્થિતિ સહિત સંપૂર્ણ વિગતો દર્શાવવા યોગ્ય રેકર્ડ રાખ્યું છે. વર્ષ દરમિયાન કે ત્યાર પછી કંપનીએ કંપનીની નિયત અસ્કયામતોની પ્રત્યક્ષ ખરાઈ કરી નથી.

(૨) વર્ષ દરમિયાન કંપનીની નિયત અસ્કયામતોનું પુનઃ મૂલ્યાંકન કર્યું નથી.

(૩) કંપની પાસે ફક્ત પિત્તળના (દૂધના) દેગડાઓનો સ્ટોક હતો. તે સ્ટોક ૩૧ માર્ચ-૧૯૮૧ ના રોજ મુજબ, કંપનીના રેકર્ડમાં દર્શાવેલ સ્ટોક મુજબ ૧૮૨૯ દેગડાઓની કિંમત પેટે રૂ. ૧,૭૪,૪૮૨ ની કિંમત આંકવામાં આવી છે. વર્ષ દરમિયાન કંપનીએ દૂધના દેગડા દીઠ રૂ. ૫૦ ના સહાયિત દરે હિતાધિકારીઓને વહેંચવા માટે રૂ. ૩,૮૦,૭૦૧ ના ખર્ચે ૪૦૦૦ દુધના દેગડા ખરીદ્યા હતા. આ દેગડાઓ કરવા માટે જુદાં જુદાં કેન્દ્રોને મોકલવામાં આવ્યા હતા. કંપનીના રેકર્ડ મુજબ, વર્ષ દરમિયાન ૨૧૭૧ દુધના દેગડાઓ વહેંચવામાં આવ્યા હતા અને વર્ષને અંતે ૧૮૨૯ દેગડા સ્ટોકમાં હતા. કંપનીએ વર્ષ દરમિયાન જુદાં જુદાં કેન્દ્રો પર પડી રહેલ દુધના દેગડાના સ્ટોકની પ્રત્યક્ષ ખરાઈ કરી નથી. અને વર્ષ પુરું થયા પછી ઘણા સમય બાદ, જુદાં જુદાં કેન્દ્રોને સ્ટોકનું સમર્થન કરતાં પ્રમાણપત્ર મોકલી આપવા જણાવાયું હતું. ત્યાર પછી જોવા મળેલી સ્થિતિનો સારાંશ નીચે મુજબ છે :

| | | સ્ટોક : કેન્દ્રો | રૂ. |
|---|---|---|---|
| ૧ | સમર્થન મળ્યું | ૩૧૯ | ૩૦,૪૩૨ |
| ૨ | કંપનીના રેકર્ડ મુજબ સ્ટોક ધરાવતા હોવા જોઈએ એવાં કેન્દ્રોએ એટલો સ્ટોક ધરાવતા નથી એવું સમર્થિત કર્યું. | ૮૨૨ | ૭૮,૪૧૭ |
| ૩ | કોઈ પ્રત્યુત્તર આપતાં ન હોય તેવાં કેન્દ્રો | ૬૮૮ | ૬૫,૬૩૩ |
| | | ૧૮૨૯ | ૧,૭૪,૪૮૨ |

કંપનીના ચોપડા મુજબના સ્ટોક સાથે સરખાવતાં ૮૨૨ દૂધના દેગડાના સ્ટોકની પ્રત્યક્ષ ખરાઈમાં આવતી ઘટ માટે કંપનીના ચોપડામાં કોઈ હિસાબમેળ કરવામાં આવ્યો નથી. ઉપરની બાબત ૩ માંના સ્ટોક અંગે આખરે કોઈ ઘટ આવે તો તેને માટે જોગવાઈ કરવામાં આવી નથી.

ઉપરની હકીકત હોવા છતાં, અમને સંતોષ થયો છે કે, સામાન્ય રીતે સ્વીકારેલ હિસાબી સિદ્ધાંતો અનુસાર સ્ટોક મૂલ્યાંકન યોગ્ય અને વાજબી છે.

(૪) કંપનીએ જેમને લોન આપી છે તેવી ઘણી વ્યક્તિઓ નિર્દિષ્ટ કર્યા મુજબની મુદ્દલ રકમો પરત ચૂકવતી નથી અને વ્યાજ ચૂકવવામાં પણ નિયમિત નથી. કંપનીએ આપેલી લોન ૧૭૮.૭૮ લાખની થાય છે અને તે વર્ષને અંતે દર્શાવ્યા મુજબ ૭,૫૦૦ થી વધુ વ્યક્તિગત ખાતાંમાં બાકી નીકળે છે, આમ છતાં, કંપનીએ લોનની મુદ્દલ રકમ તથા તેના પરના વ્યાજની વસુલાત માટે વાજબી પગલાં લીધાં નથી. તદુપરાંત કંપનીએ કસુરદાર લોન લેનારાઓને યાદપત્રો પણ લખી મોકલ્યા નથી. પરિણામે નીચેની વિગતો પરથી જણાયા મુજબ લોન સામેની વસુલાત જરાપણ સંતોષપ્રદ નથી.

| | રૂ. લાખમાં | |
|---|---|---|
| | ૧૯૮૦-૮૧ | ૧૯૮૧-૮૨ (ફક્ત ૧૫-૧-૧૯૮૨ સુધી) |
| પાછલાં વર્ષોથી બાકી નીકળતા હપ્તા સહિત (અંદાજે) વર્ષ દરમિયાન વસુલાત માટે લેણી નીકળતી મુદ્દલ રકમના હપ્તા. | ૩૯.૯૮ | ૮૬.૪૨ |
| વર્ષ દરમિયાન કરેલી વસુલાત (૧૯૮૦-૮૧માં રૂ. ૫૭.૪૪ લાખ અને ૧૯૮૧-૮૨મા રૂ. ૭૯૦ લાખની આર્થિક સહાયના હિસાબ મેળ સિવાય) | ૨૨.૧૩ | ૧૭.૬૧ |
| વર્ષના અંતે હોય તે મુજબ મુદત વીત્યા હપ્તા | ૧૭.૮૫ | ૬૮.૮૧ |

નોંધ :- લોન સામે આર્થિક સહાયનાં હિસાબમેળથી લોન કરારમાં નિર્દિષ્ટ કર્યા મુજબ લેણા થતા હોતા મુલતવી રાખવાની અસર થતી નથી.

| | વ્યાજ |
|---|---|
| ૧૯૭૯-૮૦ સુધી લાગુ પડેલ વ્યાજ | ૭.૭૦ |
| ૧૯૮૦-૮૧ માટેનું વ્યાજ | ૫.૩૬ |
| | ૧૩.૦૬ |
| બાદ : ૧૯૮૦-૮૧ની વસુલાત | ૦.૯૩ |
| સિલક | ૧૨.૧૩ |

કંપનીએ જેમને લોન આપી હતી તેવી વ્યકિતઓ પાસેથી સિલકતું સમર્થન કરતાં પ્રમાણપત્રો મેળવવાનો પ્રયત્ન પણ કર્યો નથી.

(૫) ઉપરના ફકરા-૪માં જે કહેવામાં આવ્યું છે તેના પરથી ફલિત થાય છે કે, કંપની પાસે તેના વ્યવસાયનું પ્રમાણ અને પ્રકારને અનુરુપ આંતરિક ઓડિટ પધ્ધતિ નથી.

(૬) કંપની સામાન્ય રીતે યોગ્ય તંત્રમાં લેણું નીકળતું પ્રોવિડન્ટ ફંડ અનામત તરીકે મુકવામાં નિયમિત છે.

(૭) કંપનીએ શેર, ડિબેન્ચર અને એવી બીજી જામીનગીરીઓ ગીરે મુકવા રુપી જામીનગીરીઓના આધારે કોઈ લોન કે પેશગી આપી નથી.

(૮) ચીટ ફંડ. નિધિ અથવા પરસ્પર લાભ મંડળીને લાગુ પડતી કોઈ ખાસ પ્રકારની જોગવાઇઓ કંપનીને લગુ પડતી નથી.

(૯) કંપની શેર જામીનગીરીઓ, ડિબેન્ચરો અને બીજાં મુડી રોકાણો અંગેની કામગીરી કે ધંધો કરતી નથી.

અમે અમારા અહેવાલનો મુસદો; અહેવાલને આખરી રુપ આપતાં પહેલાં ફેરવિચારણા માટે તેમાં જણાવેલ ખામીઓ અંગે કોઈ માહિતી અને / અથવા ખુલાસો પુરો પાડવાની વિનંતી સાથે ૨૧મી ડિસેમ્બર ૧૯૮૨ના રોજ કંપનીના વહીવટ સંચાલકને મોકલી આપ્યો હતો. પરંતુ અહેવાલના મુસદામાં જણાવેલ કોઈખામીઓ અંગે કોઈ માહિતી અને/અથવા ખુલાસો મળ્યો ન હતો, અમને હવે જાણવા મળ્યું છે કે ૨૪મી જાન્યુઆરી, ૧૯૮૩ના રોજ યોજાનારી બોર્ડની સભામાં વાર્ષિક હિસાબો વગેરે સહિત વિચારણામાં લેવા માટે ખુદ અહેવાલનો મુસદો કંપનીના સંચાલકોને પરિપત્રિત કરાયો હતો. આમ, કદાચ એટલા માટે હોય કે, સંચાલકોના અહેવાલમાં પણ 'ઓડિટરોના અહેવાલ'માં જણાવેલ કેટલીક ખામીઓ અંગેના ખુલાસાઓ અને સ્પષ્ટતાનો સમાવેશ થાય છે.

સંચાલકોના અહેવાલમાં કરાયેલ મોટા ભાગના ખુલાસા અને સ્પષ્ટતાઓ સ્વયંસ્પષ્ટ છે. આમ છતાં, તે પૈકીનાં થોડાં સંબંધમાં અમારે કંપનીના સભ્યોના ધ્યાન પર નીચેની બાબતો લાવવી જોઈએ :

(૧) ખુલાસા પત્રકના ફકરા (ક) માં સાથોસાથ જણાવ્યું છે :

"વધુમાં, કપનીના હિસાબ રોકડ ધોરણે રાખવામાં આવતા, પરંતુ કાનુની ઓડિટર્સના આગ્રહને કારણે આ પધ્ધતિ વાણિજયક ધોરણમાં બદલવી પડી હતી. ઉપર જણાવેલ કારણો કાનુની ઓડિટર્સની વિશેષ નોંધનો ખુલાસો કરે છે."

કંપનીના હિસાબો રોકડ ધોરણે રાખવામાં આવતા હતા તે વાત સાચી નથી. ઉલટાનું તે ફકત વાણિજ્યિક ધોરણે જ રાખવામાં આવતા હતા. પાછળથી હિતાધિકારીઓને આપેલી લોન પરના વ્યાજરૂપી આવકનો રોકડ ધોરણે હિસાબ દર્શાવવા નોંધો કરવામાં આવી હતી, જેથી કરીને અગાઉ વાણિજ્યિક ધોરણે હિસાબ રખાતો તેને બદલે વ્યાજ રોકડ ધોરણે હિસાબમાં લઇ શકાય. આ નોંધો ફકત સામાન્ય ખાતાવહીમાં જ કરવામાં આવી હતી અને જેમાં વાણિ-

જિયક ધોરણે વ્યાજ હિસાબે લેવામાં આવેલું તે પેટા ખાતાવહીઓમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. ફક્ત પાછળથી આ નોંધોમાં ફેરફાર કરાયો હતો, અને અમારા કહેવાથી વાણિજ્યિક રીતે હિસાબ લખવાનું શરૂ કર્યું હતું.

(૨) ખુલાસના પત્રકના ફકરા (ખ) માં એમ સુચવાયુ છે કે, તે વખતના નિગમના ચોપડે કાચા સરવૈયામાંનો તફાવત તે વર્ષના અંતે દર્શાવ્યા મુજબ કંપનીના ચોપડમાંના તફાવત કરતાં ઘણો મોટો છે. ખરેખર એમ ન હતું.

ખુલાસમાં દર્શાવેલ રૂા. ૫૨,૩૦,૪૯૦ નો તફાવત તે વખતના નિગમના ચોપડા અને ૪ થી માર્ચ, ૧૯૮૦ ના રોજ મુજબ જે તે બેન્કોના ચોપડા મુજબ બેન્કોના ખાતામાંની સિલકમાં જણાયેલ તફાવતની બાબત બિલકુલ જુદી છે.

(૩) ફકરા (છ) માંના ખુલાસામાં, એક બાજુ રૂા. ૫,૩૨,૮૪૯ અને બીજી બાજુ રૂા. ૪,૮૭,૪૨૫ જેટલા ખરેખર મોટા તફાવત વિષે ઉપેક્ષા કરાઇ છે. અમારા અભિપ્રાય મુજબ, ફક્ત ચોખ્ખા તફાવત વિષે ખુલાસો કરવાનો પ્રયત્ન પ્રશ્નની ગંભીરતાનો એકદમ ઓછો અંદાજ લગાવવા બરાબર છે.

વી. સી. શાહ
ભાગીદાર શ્રી જી. કે. ચોકસી એન્ડ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વતી,

૨૫ મી જાન્યુઆરી, ૧૯૮૩
અમદાવાદ.

## ઓડિટરના અહેવાલ સાથે જોડેલું પત્રક

(ક) સામાન્ય ખાતાવહી માંની સિલક પેટા-ખાતાવહીમાંની સિલક કરતાં વધતી હોય એવા લોન હિસાબો :

| | ૩૧-૩-૧૯૮૧ના રોજ મુજબની સિલક | | (૨) કરતાં (૧)ના વધારો |
|---|---|---|---|
| | સામાન્ય ખાતાવહી (૧) | પેટા-ખાતાવહી (૨) | (૩) |
| **દુધાળાં પશુ લોન** | | | |
| જુનાગઢ | ૧૯,૨૯૯ | ૧૮,૨૮૯ | ૧,૦૧૦ |
| સુરેન્દ્રનગર | ૯,૩૯,૬૪૦ | ૯,૧૯,૪૭૦ | ૨૦,૧૭૦ |
| સુરત | ૧૧,૯૯,૮૪૨ | ૮,૮૧,૭૭૬ | ૩,૧૮,૦૬૬ |
| વલસાડ | ૪૨,૯૧૫ | ૪૨,૧૯૯ | ૭૧૬ |
| વડોદરા | ૨૩,૦૯,૫૫૮ | ૨૨,૫૫,૦૬૨ | ૫૪,૪૯૬ |
| પંચમહાલ | ૨,૪૫,૭૬૦ | ૨,૪૩,૪૭૨ | ૨,૨૮૮ |
| **કુટિર ઉદ્યોગ લોન :** | | | |
| અમદાવાદ | ૨,૪૧,૯૬૮ | ૧,૯૦,૪૧૧ | ૫૧,૫૫૭ |
| બનાસકાંઠા | ૬૭,૩૯૭ | ૬૬,૫૦૦ | ૮૯૭ |
| સાબરકાંઠા | ૪૫,૭૬૬ | ૪૨,૫૩૧ | ૩,૨૩૫ |
| મહેસાણા | ૧,૨૫,૩૧૪ | ૧,૧૫,૦૮૯ | ૧૦,૨૨૫ |
| જુનાગઢ | ૭૭,૧૧૨ | ૪૦,૫૫૦ | ૩૬,૫૬૨ |
| રાજકોટ | ૭૪,૨૫૮ | ૭૨,૩૯૩ | ૧,૮૬૫ |
| ખેડા | ૭૪,૮૯૦ | ૬૭,૩૯૦ | ૭,૫૦૦ |
| ગાંધીનગર | ૧૨,૧૯૪ | ૧૨,૧૧૭ | ૭૭ |
| ભાવનગર | ૫૩,૦૬૬ | ૫૨,૯૪૫ | ૧૨૧ |
| જામનગર | ૧૯,૭૫૦ | ૧૫,૨૭૫ | ૪,૪૭૫ |
| કચ્છ | ૧,૦૩,૦૦૦ | ૧,૦૧,૦૫૧ | ૧,૯૪૯ |
| રાજકોટ (મીઠું) | ૧,૬૨,૦૦૦ | ૧,૪૪,૩૬૦ | ૧૭,૬૪૦ |
| સરવાળો-ક : | ૫૮,૧૩,૭૨૯ | ૫૨,૮૦,૮૮૦ | ૫,૩૨,૮૪૯ |

(ખ) પેટા ખાતાવહીમાંની સિલક સામાન્ય ખાતાવહીમાંની સિલક કરતાં વધતી હોય એવા લોન હિસાબો.

| | ૩૧-૩-૧૯૮૧ના રોજ મુજબની સિલક | | (૧) કરતાં (૨)નો વધારો |
|---|---|---|---|
| | સામાન્ય ખાતાવહી (૧) | પેટા-ખાતાવહી (૨) | (૩) |
| **દુધાળાં પશુ લોન :** | | | |
| અમદાવાદ | ૧૭,૩૯,૬૨૬ | ૧૮,૪૬,૩૯૦ | ૧,૦૬,૭૬૪ |
| બનાસકાંઠા | ૧૪,૯૬,૮૦૭ | ૧૬,૦૧,૫૩૨ | ૧,૦૪,૭૨૫ |
| સાબરકાંઠા | ૧૩,૩૧,૪૯૭ | ૧૩,૮૭,૧૭૪ | ૫૫,૬૭૭ |
| ભરુચ | ૯,૧૭,૬૧૮ | ૯,૫૨,૮૦૦ | ૩૫,૧૮૨ |
| મહેસાણા | ૧૦,૦૨,૭૨૭ | ૧૦,૪૨,૮૯૬ | ૪૦,૧૬૯ |
| ખેડા | ૧૩,૪૭,૦૧૦ | ૧૩,૫૧,૬૮૯ | ૪,૬૭૯ |
| ગાંધીનગર | ૪૦,૭૦૬ | ૫૧,૬૪૦ | ૧૦,૯૩૪ |
| ભાવનગર | ૨૪,૬૧૮ | ૩૧,૪૧૮ | ૬,૮૦૦ |
| **કુટિર ઉદ્યોગ લોન :** | | | |
| સુરેન્દ્રનગર | ૨૪,૫૨,૯૭૫ | ૨૪,૯૯,૦૮૭ | ૪૬,૧૧૨ |
| સુરત | ૬,૦૦૧ | ૭,૩૫૨ | ૧,૩૫૧ |
| વલસાડ | ૨૨,૩૪૩ | ૨૨,૭૮૦ | ૪૩૭ |
| વડોદરા | ૫૩,૫૩૧ | ૫૮,૨૧૩ | ૪,૬૮૨ |
| પંચમહાલ | ૪૪,૦૭૧ | ૪૬,૪૮૭ | ૨,૪૧૬ |
| અમરેલી | ૧,૧૬,૬૭૩ | ૧,૪૧,૦૯૧ | ૨૪,૪૧૮ |
| **બીજી લોન :** | | | |
| અમદાવાદ બળદ લોન | ૩૦,૦૦૩ | ૩૩,૦૦૩ | ૩,૦૦૦ |
| મહેસાણા બળદ લોન | ૮,૪૨૦ | ૧૨,૭૯૩ | ૪,૩૭૩ |
| જુનાગઢ પથ્થર | ૬૩,૩૧૭ | ૬૯,૭૮૮ | ૬,૪૭૧ |
| રાજકોટ ઈંટો | ૯,૯૦૦ | ૩૯,૧૩૬ | ૨૯,૨૩૬ |
| સરવાળો-ખ | ૧,૦૭,૦૭,૮૪૩ | ૧,૧૧,૯૫,૨૬૯ | ૪,૮૭,૪૨૬ |

ટે. નં. ૩૬૧૯૬૫-૬૬
જી. કે. ચોકસી એન્ટ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,
૧૧૨, નવું કાપડ બજાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૨

શાખા :
સુર્યભવન, પેટલાદ-૩૮૮ ૪૫૦
ફોન ૫૮૩
'ફ્રીતિંકુજ' સ્ટેશન રોડ,
નડિયાદ ૩૮૭૦૦૧., ફોન ૪૬૫૬

# ગુજરાત અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લિમિટેડ
## ગાંધીનગર.
### ૩૧ મી માર્ચ ૧૯૮૧ ના રોજ મુજબનું સરવૈયુ.

| રૂ. | જુમ્મેદારીઓ | પત્રક | રૂ. | રૂ. | રૂ. | અસ્કયામતો | પત્રક | રૂ. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | શેર મૂડી. | ક | | ૧,૨૧,૯૧,૦૦૦ | | નિયત અસ્કાયતો | ચ | | ૧,૬૦,૨૨૨ |
| | અનામત અને વધારો | ખ | | ૧૬,૨૮,૬૧૭ | | ચાલુ અસ્કયામતો લોન અને પેશગીઓ | છ | | ૫,૦૭,૬૬,૬૯૭ |
| | જામિનગીરી વિનાની લોન | ગ | | ૨,૦૦,૧૫,૨૪૯ | | પરચૂરણ ખર્ચ (માંડવાળ કે હિસાબ મેળ કરેલ ન હોય તેટલુ) | | | ૭૬,૯૬૫ |
| | ચાલુ જુમ્મેદારીઓ અને જોગવાઈઓ | ઘ | | ૧,૭૨,૦૨,૭૩૬ | | | | | |
| | કાચ્ચા સરવૈયામાં તફાવત | | | ૪૧,૯૪૨ | | આવક અને ખર્ચનો હિસાબ | | | ૭૪,૬૬૦ |
| | સરવાળો... | | | ૫,૧૦,૭૮,૫૪૪ | | સરવાળો... | | | ૫,૧૦,૭૮,૫૪૪ |

સમાન તારીખના સાથેના અમારા અહેવાલ મુજબ

સહી/— વી. સી. શાહ
ભાગીદાર, જી. કે. ચોકસી અન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી.

૨૫મી જાન્યુઆરી, ૧૯૮૩
અમદાવાદ.

સંચાલક બોર્ડ માટે અને વતી

૨૪ મી જાન્યુઆરી, ૧૯૮૩
ગાંધીનગર.

સહી/—
રેવાભાઈ પરમાર.
અધ્યક્ષ

સહી
સી. આર. સમાજપતિ
વહીવટી સંચાલક

[illegible]
[illegible]
[illegible]
[illegible], નવું કાપડ બજાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૨,

# ગુજરાત અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લિમિટેડ
## ગાંધીનગર.

શાખા :
સુર્યભવન, પેટલાદ-૩૮૮ ૪૫૦
ફોન : ૫૮૩
'કીર્તિકુજ' સ્ટેશન રોડ,
નડિયાદ : ૩૮૭ ૦૦૧. ફોન ૪૧૫૬

### ૩૧ મી માર્ચ ૧૯૮૧ ના રોજ પૂરા થતા વર્ષ માટે આવક અને ખર્ચનો હિસાબ.

| રૂા. ૧ | ખર્ચ ૨ | રૂા. ૩ | રૂા. ૪ | રૂા. ૫ | આવક ૬ | રૂા. ૭ | રૂા. ૮ |
|---|---|---|---|---|---|---|---|
| | બેંક મુદતી લોન પર વ્યાજ | | ૫,૪૦,૯૪૩ | — | વ્યાજ | — | — |
| | પગાર અને વેતન | | ૪,૨૪,૫૩૯ | | હિતાધિકારીઓને લોન પર. | ૫,૩૬,૨૧૨ | — |
| | | | | | બેંકો સાથે નિયત થાપણો પર. | ૭,૯૦,૯૨૫ | — |
| | પેન્શન ફંડમાં કંપનીનો ફાળો. | | ૪,૪૮૯ | | બેંકોમાં બચત બેંક થાપણ પર. | ૨,૪૭,૧૦૭ | ૧૫,૭૪,૨૪૪ |
| | વહીવટી સંચાલકનું મહેનતાણુ | | ૨૫,૨૨૫ | | ગુજરાત સરકાર તરફથી વહીવટી ગ્રાન્ટ (જુઓ નોંધ ૧૦) | | ૯,૨૫,૦૦૦ |
| | અધ્યક્ષને માનદ્ વેતન | | ૧૩,૦૦૦ | | પરચુરણ આવક | | ૩,૬૬૨ |
| | સંચાલકોની ફી | | ૪,૯૦૦ | | આવક કરતાં ખર્ચનો વધારો | | |
| | આંતરિક ઓડિટ ફી | | ૬,૦૦૦ | | | | ૭૪,૬૬૦ |
| | મુદ્રણ અને લેખન સામગ્રી | | ૯૯,૪૦૬ | | | | |
| | વાહનની મરામત અને જાળવણી | | ૬૭,૧૫૦ | | | | |
| | સંચાલકનું પ્રવાસ ખર્ચ | | ૧૫,૮૮૬ | | | | |
| | બીજુ પ્રવાસ ખર્ચ | | ૧૫,૨૨૩ | | | | |
| | ભાડુ | | ૧૪,૨૦૨ | | | | |

| રૂ. | ખર્ચ | રૂ. | રૂ. | આવક | રૂ. | રૂ, |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | ટેલિફોન અને ટ્રંકકોલ | ૧૫,૧૫૩ | | | | |
| | ટપાલ ખર્ચ અને ટેલિગ્રામ | ૧૯,૮૯૮ | | | | |
| | જાહેરાતો | ૩,૭૧૧ | | | | |
| | બીજુ ખર્ચ | ૧૮,૫૫૨ | | | | |
| | ઘસારો | ૨૭,૭૦૫ | | | | |
| | શંકાસ્પદ લોન માટે જોગવાઈ (જુઓ નોંધ-૪) | ૧૨,૪૯,૩૭૨ | | | | |
| | સીમાંત નાણા થાપણો સંબંધી જોગવાઈ (જુઓ નોંધ-૫) | ૧૨,૨૧૨ | | | | |
| | સરવાળો ... | ૨૫,૭૭,૫૬૬ | | સરવાળો... | | ૨૫,૭૭,૫૬૬ |

૨૫ મી જાન્યુઆરી, ૧૯૮૩
અમદાવાદ.

સમાન તારીખના સાથેના અમારા અહેવાલ મુજબ
સહી/- વી. સી. શાહ
ભાગીદાર, જી. કે. ચોકસી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી.

૨૪ મી જાન્યુઆરી, ૧૯૮૩
ગાંધીનગર.

સહી/-
રેવાભાઈ પરમાર
અધ્યક્ષ

સહી/-
સી. આર. સમાજપતિ
વહીવટી સંચાલક

ફોન : ૩૬૧૯૬૫-૬૬
જી. કે. ચોકસી ઍન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
૧૧૨, નવુ. કાપડ બજાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૨.

શાખા :
સુર્ય ભવન, પેટલાદ: ૩૮૮૪૫૦
ફોન : ૫૮૩
'કીર્તિકુંજ', સ્ટેશન રોડ,
નડિયાદ : ૩૮૭૦૦૧,
ફોન : ૪૬૫૬

## હિસાબ સાથે જોડેલી અને તેનો ભાગ બનતી અનુસૂચિ

### અનુસુચિ 'ક' શેર મૂડી

| રૂ. | | રૂ. | રૂ. |
|---|---|---|---|
| | **અધિકૃત** | | |
| | ૩,૫૦,૦૦૦ ઈક્વિટી શેર, દરેક રૂ. ૧૦૦નો | | ૩,૫૦,૦૦,૦૦૦ |
| | **બહાર પાડેલ, નોંધાયેલ અને ચૂકવેલ** | | |
| | ૧,૨૧,૯૧૦ ઇક્વિટી શેર, દરેક રૂ. ૧૦૦નો | | ૧,૨૧,૯૧,૦૦૦ |

ફોન : ૩૬૧૯૬૫-૬૬
જી. કે. ચોકસી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,
૧૧૨, નવું કાપડ બજાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૨.

શાખા :
સુર્ય ભવન, પેટલાદ : ૩૮૮ ૪૫૦
ફોન : ૫૮૩
'કીર્તિકુંજ' સ્ટેશન રોડ,
નડિયાદ-૩૮૭ ૦૦૧. ફોન : ૪૬૫૬

## અનુસુચિ-'ખ' અનામતો અને વધારો

| રૂપિયા. | | રૂપિયા | રૂપિયા |
|---|---|---|---|
| | મુડી અનામત | | ૧૬,૨૮,૬૧૭ |
| | **નોંધ :** | | |
| | મુડી અનામત નીચેનાની બનેલી છે. | | |
| | ૧. અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ, ૧૮૬૦ના મંડળી નોંધણી અધિનિયમ હેઠળ નોંધાયેલ મંડળી તરફથી તબદીલીથી પ્રાપ્ત કરેલ અને તે મંડળીના ચોપડે ૪ થી માર્ચ, ૧૯૮૦ના રોજ મુજબ દર્શાવેલ તેમની કિંમતે, કોઈ ખરીદી અવેજની ચુકવણી વિના સંપાદિત કરેલ જુમ્મેદારીઓ કરતાં અસ્કમતોનો વધારો | | ૧૫,૭૩,૦૮૧ |
| | ૨. સંબંધિત બેન્કોના ચોપડે હોય તે મુજબ બેન્કોનાં ખાતાંમાંની સિલકમાંની ઉપરની મંડળીના ચોપડે ૪થી માર્ચ ૧૯૮૦ના રોજ મુજબની સિલક કરતાં ચોખ્ખો વધારો. | | ૪૬,૪૩૨ |
| | ૩. ૪ થી માર્ચ, ૧૯૮૦ સુધીની મુદતને લગતી બેન્ક થાપણો પર વ્યાજ | | ૧,૧૫,૧૬૦ |
| | પેટા / સરવાળો... | | ૧૭,૩૪,૬૭૩ |
| | **બાદ :** | | |
| | ૪. ૪ થી માર્ચ, ૧૯૮૦ સુધીની મુદત માટે બેન્કની મુદતી લોન પર વ્યાજ | | ૯૩,૧૪૨ |
| | ૫. ૪ થી માર્ચ, ૧૯૮૦ સુધીની મુદતને લગતું બીજું ખર્ચ. | | ૧૨,૯૧૪ |
| | સરવાળો... | | ૧૬,૨૮,૬૧૭ |

ફોન : ૩૬૧૯૬૫-૬૬
જી. કે. ચોકસી એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,
૧૧૨, નવું કાપડ બજાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૨.

શાખા :
સૂર્ય ભવન, પેટલાદ : ૩૮૮૪૫૦
ફોન : ૫૮૩
'કીર્તિકુંજ' સ્ટેશન રોડ,
નડિયાદ : ૩૮૭ ૦૦૧.
ફોન : ૪૬૫૬

## અનુસુચિ- 'ગ' જામીનગીરી વિનાની લોન

| રૂપિયા | | રૂપિયા | રૂપિયા |
|---|---|---|---|
| | બેન્કોમાંથી મુદતી લોન (ગુજરાત સરકારઆ લોન અંગે બાંયધરી આપવા સૈદ્ધાંતિક રીતે કબુલ થઈ છે. છતાં બેંકોને આપવાની બાંયધરી હજી સુધી સરકાર વતી આપવામાં આવી નથી. | | ૧,૯૬,૧૪,૪૭૪-૦૦ |
| | ગુજરાત સરકાર તરફથી લોન | | ૪,૦૦,૭૭૫-૦૦ |
| | | સરવાળો... | ૨,૦૦,૧૫,૨૪૯-૦૦ |

## અનુસુચિ 'ઘ' ચાલુ જુમ્મેદારીઓ અને જોગવાઈઓ

| રૂપિયા | | રૂપિયા | રૂપિયા |
|---|---|---|---|
| | **ક. ચાલુ જુમ્મેદારીઓ** | | |
| | કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી મળેલી વણવપરાયેલ રહેલી આર્થિક સહાય અને ગ્રાન્ટ | ૬૦,૩૮,૪૮૭ | |
| | ગુજરાત સરકાર તરફથી મળેલ ઈકિવટી શેર અરજીનાં નાણાં | ૭૮,૦૯,૦૦૦ | |
| | ચેક આપ્યા હોય પરંતુ બેંકમાં રજુ ન થયા હોય તે સંબંધમાં ૩૧ મી માર્ચ, ૧૯૮૧ પછી બેન્કના મુદતી લોન ખાતામાં કરાયેલી ફંડની તબદીલી દર્શાવતી બેન્કના થાપણ ખાતાંની જમા સિલક | ૩૦,૮૩,૧૩૪ | |
| | બીજી જુમ્મેદારીઓ | ૧,૩૪,૫૬૯ | |
| | ચડેલું પરંતુ બેન્ક મુદતી લોન પર બાકી ન નીકળતું વ્યાજ | ૧,૨૪,૩૩૪ | |
| | | | ૧,૭૧,૮૯,૫૨૪ |
| | **ખ. જોગવાઈઓ** | | |
| | બેન્કો સાથે સીમાંત નાણાંની થાપણો સંબંધમાં જોગવાઈ | | ૧૨,૨૧૨ |
| | | | ૧,૭૨,૦૧,૭૩૬ |

ફોન : ૩૬૧૯૬૫-૬૬
જી. કે. ચોકસી એન્ડ કો.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,
૧૧૨, નવું કાપડ બજાર,
અમદાવાદ-૩૮૦૦૦૨.

શાખા :
સૂર્ય ભવન, પેટલાદ : ૩૮૮ ૪૫૦
ફોન : ૫૮૩
'કીર્તિકુંજ', સ્ટેશન રોડ,
નડિયાદ : ૩૮૭૦૦૧. ફોન : ૪૬૫૬

## અનુસુચિ-'ચ' નિયત અસ્કયામતો

| નિયત અસ્કયામતો (પડતર કિંમતે) | વર્ષ દરમિયાન ઉમેરો | વર્ષ દરમિયાન ઘટાડો | ૩૧-૩-૮૧ ના રોજ મુજબ ચોખ્ખો બ્લોક |
|---|---|---|---|
| ૧ ફર્નિચર, જડાણુ અને કચેરી સાધન સામગ્રી | ૯૮,૪૬૦ | ૧૦,૧૦૭ | ૮૮,૩૫૩ |
| ૨ વોટર કુલર | ૫,૯૦૩ | ૮૮૫ | ૫,૦૧૮ |
| ૩ વાહનો | ૮૩,૫૬૪ | ૧૬,૭૧૩ | ૬૬,૮૫૧ |
| | ૧,૮૭,૯૨૭ | ૨૭,૭૦૫ | ૧,૬૦,૨૨૨ |

# અનુસૂચિ 'છ' ચાલુ અસ્કયામતો, લોન અને પેશગીઓ.

| | રૂપિયા | રૂપિયા | રૂપિયા |
|---|---|---|---|
| **ક. ચાલુ અસ્કયામતો** | | | |
| દુધના દેગડાનો સ્ટોક (પડતર કિંમત) (વહીવટી સંચાલકે કિંમત કરી, પ્રમાણિત કર્યા મુજબ) | | ૧,૭૪,૪૮૨ | |
| હાથ પરની સિલક (ચેકો સહિત) | | ૨,૦૩,૬૪૩ | |
| **અનુસુચિત બેન્કો પાસેની સિલક :** | | | |
| ચાલુ ખાતામાં | ૨૫,૨૨,૬૯૭ | | |
| બચત થાપણ ખાતામાં | ૧,૭૪,૫૪,૭૩૫ | | |
| નિયત થાપણ ખાતામાં | ૧,૩૧,૩૦,૫૯૧ | | |
| | | ૩,૩૧,૦૮,૦૨૩ | |
| | | | ૩,૩૪.૮૬,૧૪૮ |
| **ખ. લોન અને પેશગીઓ** | | | |
| હિતાધિકારીઓને લોન | | | |
| (સામાન્ય ખાતાવહી મુજબ) | | | |
| (ક) જેના સંબંધમાં કંપનીને પુરેપુરી જામીનગીરી અપાઇ હોય તેવી યોગ્ય ગણેલી લોન. | ૧,૧૮,૦૭,૩૨૪ | | |
| (ખ) કંપની પાસે જેને માટે દેવાદારની અંગત જામીન-ગીરી સિવાયની બીજી કોઈ જામીનગીરી ન હોય એવી યોગ્ય ગણેલી લોન. | ૪૭,૯૧,૪૭૬ | | |
| (ગ) શંકાસ્પદ ગણેલી લોન | ૧૨,૪૯,૩૭૨ | | |
| | ૧,૭૮,૪૮,૧૭૨ | | |
| બાદ : શંકાસ્પદ લોન માટે જોગવાઈ. | ૧૨,૪૯,૩૭૨ | | |
| | | ૧,૬૫,૯૭,૮૦૦ | |
| રોકડેથી અથવા ચીજવસ્તુરૂપે અથવા મળવાની કિંમત માટે વસુલાતપાત્ર બીજીપેશગીઓ. | | | |
| **(જામીનગીરી વિનાની, યોગ્ય ગણેલ,)** | | | |
| સ્ટાફને પેશગી | ૧૦,૦૭૯ | | |
| ચડેલું પરંતુ બેન્ક થાપણો પર બાકી ન નીકળતું વ્યાજ | ૬,૨૬,૦૩૦ | | |
| બીજી પેશગીઓ | ૪૫,૬૪૦ | | |
| | | ૧,૭૨,૮૦,૫૪૯ | |
| સરવાળો | | ૫,૦૭,૬૬,૬૯૭ | |

# અનુસુચિ 'જ'

## હિસાબનો ભાગ બનતી નોંધ

૧. કંપની નફા માટે વ્યવસાય કરતી ન હોવા છતાં, નફો અને ખોટના હિસાબને બદલે, ૧૯૫૬ના કંપનીઓના અધિનિયમની કલમ ૨૧૦(૨)ની જોગવાઈઓમાં જરૂરી હોય તે મુજબ આવક અને ખર્ચનો હિસાબ તૈયાર કરવામાં આવ્યો છે.

૨. આવક અને ખર્ચનો હિસાબ, કંપનીનો સમાવેશ કરાયાની તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૭૯થી ૩૧મી માર્ચ, ૧૯૮૧ સુધીની મુદત માટેનો છે.

૩. કંપનીનું આ પ્રથમ નાણાંકીય વર્ષ હોઈ, પાછલા વર્ષના આંકડા દર્શાવવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

૪. શંકાસ્પદ લોન માટે વર્ષને અંતે દર્શાવેલ બાકી નીકળતી લોનના ૭%ના દરે અંદાજી ધોરણે રૂ. ૧૨,૪૯,૩૭૨ની જોગવાઈ કરવામાં આવી છે.

૫. બેન્કોએ બેન્કો ખાતે રાખેલ સીમાંત નાણાંમાંથી બેન્કપાત્ર યોજના હેઠળ મંજુર કરેલ લોનમાંથી ઊભાં થતાં, ડુબેલાં લેણાંને અંશતઃ પહોંચી વળવા કંપનીની જુમ્મેદારી સંબંધમાં અંદાજી ધોરણે રૂ. ૧૨,૨૧૨ની જોગવાઇ કરવામાં આવી છે અને સંચાલક બોર્ડે તેને વાજબી હોવાની ગણી છે.

૬. રૂ. ૧,૧૮,૦૭,૩૨૪ની જામીનગીરીવાળી લોન દુધાળાં પશુ અને બીજા પશુ ખરીદવા માટે હિતાધિકારીઓને આપેલી લોન દર્શાવે છે. પશુઓને ધરેણે મૂકીને આ લોનની જામીનગીરી અપાય છે. સંબંધિત પશુના યોગ્ય રીતે વીમા ઉતારવામાં આવે છે અને એ વીમાની પોલિસી કંપનીના નામની લેવામાં આવે છે.

૭. ૧૯૬૧ના આવકવેરા અધિનિયમની કલમ ૧૦ (૨૬ખ)ની જોગવાઈઓ હેઠળ કંપનીને મુક્તિ મળેલ હોઈ, આવક-વેરા માટે જોગવાઇ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૮. ઓડિટરાના મહેનતાણા માટે કોઈ જોગવાઈ કરવામાં આવી નથી કારણકે, કેન્દ્ર સરકારે તે હજી નક્કી કર્યું નથી.

૯. ૩૧મી માર્ચ, ૧૯૮૧ના રોજ મુજબ લેણું રૂ. ૧૩,૩૭૭નું થતું હોવાથી કંપની સામેનો હકદાવો સ્વીકારાયો નથી.

૧૦. કંપનીને ૩૧મી માર્ચ, ૧૯૮૧ના રોજ પૂરા થતા વર્ષ માટે વહીવટી ગ્રાન્ટ તરીકે ગુજરાત સરકાર તરફથી રૂ. ૧૨,૦૦,૦૦૦ મળ્યા હતા. આ પૈકી રૂ. ૨,૭૫,૦૦૦ અનુસુચિત જાતિના સભ્યોને દૂધના દેગડા વહેંચવા માટેની કંપનીની યોજનામાં વાપરવા માટે અંકિત કરાયા હતા. બાકી રહેલી રૂ. ૯,૨૫,૦૦૦ સિલક આવક અને ખર્ચના હિસાબમાં જમા લેવામાં આવી છે.

૧૧. લોન અને પેશગીઓની સિલક સંબંધિત વ્યક્તિ/સંસ્થાઓના સમર્થનને અધીન છે.

૧૨. કંપનીના કોઈપણ કર્મચારીને આખું વર્ષ કામ કર્યું હોય તો વાર્ષિક રૂ. ૩૬,૦૦૦ કે તેથી વધુ મહેનતાણું મળશે નહીં અથવા વર્ષના અમુક ભાગ માટે હોય તો માસિક રૂ. ૩,૦૦૦ કે તેથી વધુ મળશે નહિં.

૧૩. [illegible] કંપની ન હોવાથી ૧૯૫૬ના કંપની અધિનિયમની અનુસુચિ ૬ના ભાગ-૨ના ફકરા ૪-સી મુજબ [illegible] જરૂરી નથી.

[illegible] અધિનિયમની અનુસુચિ-૬ના ભાગ-૨ના ફકરા ૪-ડી મુજબની માહિતી.

| | |
|---|---|
| [illegible] રહેલ આયાતનું મૂલ્ય | કાંઈ નહીં |
| [illegible] | કાંઇ નહીં |
| [illegible] કાચો માલસામાન છુટા ભાગો અને ઘટક ભાગોની કિંમત | કાંઈ નહીં |

(ધ) ડિવિડન્ડને કારણે વિદેશી ચલણમાં ભરણાં — કાંઈ નહીં

(ચ) વિદેશી હુંડિયામણમાં કમાણી — કાંઈ નહીં

સમાન તારીખના જોડેલ અમારા અહેવાલ મુજબ.

સંચાલક બોર્ડ માટે અને તેમના વતી.

જી. કે. ચોકસી એન્ડ કંપની
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વતી

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫મી જાન્યુ. ૧૯૮૩ અમદાવાદ. | સહી<br>વી. સી. શાહ<br>ભાગીદાર | ૨૪મી જાન્યુ. ૧૯૮૩ ગાંધીનગર. | સહી<br>રેવાભાઈ પરમાર<br>અધ્યક્ષ | સહી<br>સી. આર. સમાજપતિ<br>વહીવટી સંચાલક |

# ગુજરાત અનુસુચિત જાતિ, આર્થિક વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર.

ગુજરાત અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લીમીટેડના ૩૧ મી માર્ચ ૧૯૮૧ ના રોજ પુરા થતા વર્ષના હિસાબો અંગે ૧૯૫૬ ના કંપની અધિનિયમની કલમ ૬૧૯ (૪) હેઠળ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની સમીક્ષા પર સંચાલન-તંત્રની નોંધ :-

| ટીકા-ટીપ્પણ | સંચાલન તંત્રની નોંધ |
|---|---|
| ૧. બેંકના થાપણ હિસાબોમાં જમા સિલક ધસ્યુ કરાયેલ પરંતુ બેંકને રજૂ ન કરાયા હોય તેવા ચેક દર્શાવે છે, જે બાબતમાં બેંકમાંથી તબદીલી મુદ્દતી લોન, હિસાબો ૩૧મી માર્ચ ૧૯૮૧ પછી જમા કરાયા હતા. રુા. ૩૦,૮૩,૧૩૪ આમાં સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયાના ચાલુ ખાતા બાબતમાં રૂા. ૫,૯૭,૨૬૨ નો સમાવેશ થાય છે. જેમાં રૂા. ૧૦૦૧૧ નો મેળ ન બેસાડેલ તફાવત સમાવિષ્ટ છે. | હકીકત ધ્યાનમાં લીધી છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના ચાલુ ખાતામાં રુા. ૧૦૦૧૧ નો તફાવતનો અગામી વર્ષ દરમિયાન હિસાબ મેળ કરાશે. |
| ૨. પેન્શન ફંડમાં કંપનીનો ફાળો રૂા. ૪૪૮૭ આ રજા પગાર અને પેન્શન ફાળામાં કંપનીનો હિસ્સો દર્શાવે છે. રાજ્ય સરકારમાંથી પ્રતિનિયુક્તિ પર આવેલા ૩૧ કર્મચારીઓ બાબતમાં રજા પગાર અને પેન્શન ફાળાની વધુ જોગવાઈ (રકમ નક્કી કરાઈ નથી) કરવામાં આવી નથી. | હકીકતોની નોધ લીધી છે. પ્રતિનિયુક્તિ પરના કર્મચારીઓના રજા પગાર અને પેન્શન પેટે ફાળા આપવા અંગેની રકમ ગણી કાઢીને તેની જોગવાઇ અગામી વર્ષના હિસાબમાં કરવામાં આવશે. |

# સ્પષ્ટીકરણ અને ખુલાસો

૩૧-૩-૧૯૮૧ના રોજ પુરા થતા વર્ષ માટેના સમાન તારીખના વૈધાનિક ઓડિટરના અહેવાલ બાબતમાં સંચાલન-તંત્રનું સ્પષ્ટીકરણ અને ખુલાસો.

---

(ક) સમીક્ષા હેઠળના વર્ષ દરમ્યાન હિસાબી સ્ટાફ તદ્દન અપુરતો હતો અને આ તદ્દન આવશ્યક સ્ટાફ વારંવાર બદલાતો હતો. વધુમાં કંપનીના હિસાબો રોકડ-ધોરણે રાખવામાં આવતા હતા. પરંતુ વૈધાનિક ઓડિટરોના આગ્રહને કારણે આ પધ્ધતિમાં ફેરફાર કરીને વાણિજ્યિક ધોરણે હિસાબો રાખવાના થયા હતા. ઉપર્યુંકત કારણો વૈધાનિક ઓડિટરોની ટીકાનો ખુલાસો કરી દે છે. આમ છતાં અમે નિગમની હિસાબ શાખામાં સ્ટાફની સંખ્યામાં વધારો કરવા માંડયો છે. અને વધુ ૫ સભ્યો શાખામાં જોડાઈ ગયા છે. પરિણામે હિસાબ શાખા ઠીક ઠીક સંગીન બની છે. અને કાર્યપધ્ધતિ અને હિસાબી પધ્ધતિનું સુયોજન કરાઈ રહ્યું છે.

(ખ) રૂ. ૪૧,૯૪૨ના તફાવત બાબતમાં અમે જણાવીએ કે ખરેખર તો આગલા વર્ષની સિલક રૂ. ૫૨,૩૦૪-૦૦ (જમા) હતી. જે ઘટીને રુપિયા ૪૧,૯૪૨ (ઉધાર) થઇ હતી અને કાચા સરવૈયામાં આ તફાવત શોધી કાઢવાનું કામ ચાલુ છે.

(ગ) બેંકનાં ખાતાં સંબંધી કામગીરી ફકત એક જ અધિકારીની સહીથી કરવામાં આવી છે તે સંબંધમાં જણાવવાનું કે આ પ્રથા બંધ કરવામાં આવી છે અને હવે બેંકમાંથી કોઇ રકમ ઉપાડવા માટે સામાન્ય વ્યવસ્થાપક અને હિસાબી અધિકારીએ બન્નેની સહીઓ જરુરી બને છે.

(ઘ) જેઓને લોન આપવામાં આવી છે તેવી વ્યકિતઓના ૭૫૦૦ વ્યક્તિગત ખાતા સંબંધમાં અમારે જણાવવું જોઈએ કે અમે કંપનીના આંતરીક ઓડિટરો અને વૈધાનિક ઓડિટરોની સલાહ મુજબ યોગ્ય નિયંત્રણ દાખલ કરીશું અને આનાથી પેટા ખાતાવહી અને સામાન્ય ખાતાવહી લખવાની પધ્ધતિ નિયમસર બનશે.

(ચ) મહેસાણા જિલ્લા પંચાયતને રૂ. ૧૦ લાખની ચુકવણી બાબતમાં અમે જણાવીએ છીએ કે આ બાબત પર ઝીણવટભર્યું ધ્યાન અપાઈ રહયું છે. લેણા નીકળતા તમામ હપ્તા નિયમિતપણે મળી રહયા છે. અને યોગ્ય સમયમાં દસ્તાવેજો કરી આપવામાં આવશે. ઉકત સંસ્થાને પણ ગુજરાત સરકાર તરફથી સહાય અને નાણાં મળી રહયા પછી હિસાબ અંગે શંકાસ્પદ હોવાનો કોઈ પ્રશ્ન નથી.

(છ) સામાન્ય ખાતાવહીમાંની સિલક અને વૈધાનિક ખાતાવહીમાંની સિલક વચ્ચે જણાવેલ તફાવત સંબંધમાં જણાવવાનું કે, પાછલા વર્ષનો તફાવત રૂ. ૭૮,૭૨૦નો હતો જે ઘટાડીને ચાલુ વર્ષ દરમ્યાન રૂ. ૧૫,૩૯૩નો કરવામાં આવ્યો છે, અને બાકીના તફાવતને શોધી કાઢવાનો પ્રયાસ હજી ચાલુ છે.

(જ) ૩૧-૩-૧૯૮૧ના રોજ મુજબ 'બીસીકે-લોન સમાજ કલ્યાણ" તરીકે રૂ. ૨,૦૦,૭૭૫ની બાકી નીકળતી રકમ બાબતમાં જરુરી પગલાં લેવાં શરૂ કર્યા છે અને વિગતવાર માહિતી મંગાવી છે અને યોગ્ય સમયમાં જરુરી હિસાબ મેળ કરવામાં આવશે. અહેવાલ હેઠળના વર્ષ દરમિયાન કેટલીક વિગતો એકત્રિત કરી છે. અને બાકીની વિગતો શકય તેટલી વહેલી એકત્રીત કરવામાં આવશે.

(ઝ) જુદી જુદી બેન્કોમાં રૂ. ૯,૩૯,૫૯૨ની નિયત થાપણના મુદ્દા સંબંધમાં અમે જણાવીએ અમે જણાવીએ છીએ કે શાખાઓ આખા ગુજરાતમાં ફેલાયેલી છે અને નિયત થાપણની રસીદો મેળવવાનો પ્રયત્ન કરી રહયા છીએ. આજની સ્થિતિ મુજબ, અમને રૂ. ૩૨,૫૨૧-૨૫ની નિયત થાપણની રસીદો મળી છે. પરંતુ અમે સભ્યોને ખાત્રી આપીએ છીએ કે આને કારણે કોઈ વ્યાજ-ખાધ આવશે નહીં. આ બધું ફકત કાર્યપધ્ધતિની અનિયમિતતાને કારણે છે.

(ટ) રૂ. ૧૨ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી રૂ. ૨,૭૫,૦૦૦ અંકિમ કરવા માટે ગુજરાત સરકારની ખાસ મંજુરી સંબંધમાં અમે જણાવીએ છીએ કે સરકાર તરફથી મંજુરી માંગવામાં આવી છે અને અમને પૂરી ખાતરી છે કે તે ટુંક સમયમાં મળી જશે.

(ઢ) હિસાબી અનિયમિતતાઓ સંબંધમાં અમે સભ્યોને ખાતરી આપીએ છીએ કે ચોપડા રાખવાની પદ્ધતિ નિયમસર કરવાનો અમે પ્રયત્ન કરીશું. અને જરૂરી લાયકાત ધરાવતો પૂરતો સ્ટાફ રાખીશું અને આંતરિક તેમજ વૈધાનિક ઓડિટરોની સુચના મુજબની પદ્ધતિ વિકાસાવીશું.

(ડ) મુદ્દા ૫ (૩) સંબંધમાં, બાબત વિચારણા હેઠળ છે અને સ્ટોકની સ્થિતિ નિયમસર કરવાનાં યોગ્ય પગલાં લેવામાં આવશે અને જવાબદાર વ્યક્તિઓ સામે જરૂરી પગલાં ભરવામાં આવશે.

(ઢ) વૈધાનિક ઓડિટરોએ એવી ટીકા કરી છે કે કંપનીએ જેમને લોન આપી છે તે વ્યક્તિઓ મુદ્દલ રકમ નિયત કર્યા મુજબ પરત ચુકવતી નથી તેમજ વ્યાજની ચુકવણી પણ નિયમિત રીતે કરતી નથી, તે સંબંધમાં, અમે જણાવીએ છીએ કે લોન લેનાર પૈકીના મોટાભાગના અભણ અને ગરીબ છે તેથી તેમને માટે ચુકવણી કરવાનું મુશ્કેલ છે. લેણાંની વસુલાત માટે કંપની સખત પગલાં લે તો અનુસુચિત જાતિનાં ગરીબ કુટુંબોના ઉત્કર્ષ માટેનો હેતુ સિદ્ધ નહીં થાય અને ૨૦ મુદ્દાના કાર્યક્રમનો એક મહત્વનો આધાર સ્તંભ હાંસલ કરાયા વિનાનો રહેશે.

(ત) વસુલાત અંગે, વસુલાત કામગીરી માટે કંપનીએ મામલતદાર કક્ષાના એક અધિકારીની નિમણૂંક કરી છે. કંપનીએ જુદી જુદી બેન્કોની શાખાઓ સાથે ૩૦૦ વસુલાત કેન્દ્રો પણ શરૂ કર્યા છે.

(થ) લોન લેનાર કુટુંબો સમગ્ર રાજ્યમાં પથરાયેલ હોવાથી અને એમની અજ્ઞાનતાને ધ્યાનમાં રાખીને તેમની પાસેથી સમર્થન પત્ર મેળવવાનું મુશ્કેલ છે પરંતુ કંપની તેમની પાસેથી સમર્થન પત્ર મેળવવા હજુ પણ પ્રયત્નશીલ છે.

(દ) કંપની ડી. આઈ. આર. યોજના હેઠળ નિર્દિષ્ટ લક્ષ્યાંક જુથને લોન આપતી હતી. આ યોજના હેઠળ મુકરર કરેલ અનુસુચિત જાતિઓનાં કુટુંબો તેમની પાસે કોઇપણ પ્રકારની વાસ્તવિક જામીનગીરી ન હોય અથવા કોઈ સાધન સંપન્ન વ્યક્તિની જામીનગીરી/બાંયધરી રજુ કરી ન શકે તો પણ લોન માટે પાત્ર છે.

ટુંકમાં ભારત સરકારના ૨૪ મી મે ૧૯૭૭ ના પત્ર અન્વયે નિશ્ચિત જામીનગીરી કે ત્રીજી વ્યકિતગત બાંયધરી માગવાની નથી.